ગાંધીનગર સમાચાર
તા. ૨૬-૧૧-૨૦૧૩, મંગળવાર

## તંત્રી સ્થાનેથી.....

### સીઝરની રાણી શંકાથી પર હોય તે જરૂરી

જુલિયસ સીઝર રોમન સામ્રજયનો સૌથી પ્રતિષ્ઠિત રાજવી છે. એના નામ સાથે જોડાયેલી આ ઉક્તિ દુનિયાભરના કહેવાતા પ્રતિષ્ઠિત માણસોને લાગુ પાડી શકાય. એ ઉક્તિ પૂર્વે પણ આપણી મહાન સંસ્કૃતિમાં તો રામ રાજયનો આદર્શ પ્રસ્થાપિત થયેલો છે. રાજધર્મના પાલન ખાતર પ્રિય જીવનસંગિની સતી સીતાની અગ્નિપરીક્ષા અને ત્યાગ જેવી કરુણ મંગલ ઘટનાઓ પણ મૂળે તો આદર્શ અને સિદ્ધાંતવાદી વ્યકિતએ સામે ચાલીને આવકારેલી સજાનાં જ ઉદાહરણ છે. તહેલકાના પ્રખર સંસ્થાપક તરુણ તેજપાલે પીડિતાને પીડિતાને ઈ-મેલ કરીને ભૂલ કબૂલી પરંતુ સામી વ્યક્તિ એમને માફ કરવા તૈયાર નથી. તેજપાલ સંશોધનાત્મકના પત્રકારત્વના પીઢ પત્રકાર છે. એમણે ભલભલા ખેરખાંની આબરૂના ધજાગરા કરીને શાબાશી મેળવી છે. 'સ્ટિંગ ઓપરેશ' એમના નામ પાછળ જ પ્રતિષ્ઠિત થયેલી બીકાળવી પત્રકારીય ઘટના છે! હવે એ જ તેજપાલની સમગ્ર કારકિર્દીને ગ્રહણ લાગી જાય એવી ઘટના બહાર આવવા પામી છે. દેખીતી રીતે જ તેજપાલ નિસ્તેજી નિરાશ, હતાશ બની એમાંથી સલામત રીતે બહાર નીકળી જવાનો રસ્તો શોધી રહ્યા છે. તેજપાલને દેશનો કાનૂન છોડવાનો નથી, અને કહેવાતી પીડિતાએ કાનૂનનો આશ્રય લીધો છે. સમજૂતી કે પતાવટથી વાત વણસતી અટકાવી શકાય તે માટે તેજપાલ ઘાંઘઆ થઈને એમની તમામ 'ગુડવિલ' કામે લગાડી છતાં એમને દાદ મળી નથી. ઊલટાનો ગાળિયો વધુને વધુ મજબૂત થતો જાય છે. સ્ત્રી હવે મૂંગી મૂંગી સહન કરી લે એ વાતમાં માલ નથી. દિલ્હીના અતિચર્ચિત બળાત્કાર કાંડ પછી કાયદો પણ વધુ કડક બની ગયો છે. તેથી તેજપાલ માટે આ 'નહીં કરી શકાયેલા' બળાત્કારના અપરાધમાંથી છૂટવું અઘરું છે. પોતે ઘણા બધા ઉચ્ચ પદસ્થ મહાનુભાવોની કારકિર્દી રોળી નાખી એમણે પાર વિનાના દુશ્મનો પેદા કર્યા છે. કહેવત છે કે સોનો દુશ્મન જીવે નહીં અને સોનો વાલેશરી મરે નહીં. તહેલકાના તંત્રવાહકને એમના ગુના કરતાં વિશેષ ચોથો સ્તંભ કે જાગીર ગણનારા એની પાસે એટલી જ પવિત્રતાની અપેક્ષા રાખવાના હકદાર છે જેટલી ચૂંટાયેલા લોકપ્રતિનિધિઓ અને ન્યાયતંત્રના સંવાહકો પાસેથી અપેક્ષિત છે. પરંતુ આ 'કામ' પણ બહુ વિચિત્ર પરિબળ છે. કામપીડિત મહર્ષિ વિશ્વામિત્ર એમનું હજારો વર્ષનું તપ રોળીટોળીને મેનકાને વળગી પડે છે. કામજવરથી વિચલિત મુનિ પરાશર મધ વહેણમાં નાવિકા મત્સ્યગંધાને ભોગવી લે છે. કામ પીડિત દુષ્યંત કણ્વના આશ્રમમાં ઘૂસી ગયેલા હરણને તો જવા દે છે પરંતુ શકુંતલાને ફસાવે છે. ભગવાન ભોળાનાથને પણ કામનાં બાણ વાગતાં હોય ત્યાં તરુણ તેજપાલ કિસ ખેત કી મૂલી? એમણે લિફ્ટમાં જ પેલી કન્યા સાથે અભદ્ર ચેષ્ટા કરી. યાદ આવી જાય બિલકિલન્ટન અને મોનિકા લેવિન્સ્કીનો સેક્સકાંડ! કિલન્ટનને રાષ્ટ્રની જાહેર માફી માગવી પડી હતી. મોનિકાની સાથે કરેલી કામચેષ્ટાની ભારે કિંમત ચૂકવવી પડી હતી. નારાયણદત્ત તિવારી જેવા વરિષ્ઠ રાજપુરુષથી લઈ સંત આસારામ જેવા પ્રકાંડ ધર્માધ્યિક્ષ સુધી આ કામનું કમઠાણ પ્રસરેલું છે. હમણાં એક ન્યાયમૂર્તિ પણ ફસાયા છે. મીણ માટીના માનવીનું મન ક્યારે ચળી બેસે એનું કંઈ જ કહેવાય નહીં. સ્ત્રી ફૂલ છે, પુરષ ભમરો. ભમરાને એક ફૂલ પર ગુંજારવ કરવાનું પોસાય નહીં. આ મનોવૈજ્ઞાનિક સત્ય હોવા છતાં, પુરુષને મનફાવે તેમ વર્તવાની છૂટ આપવાથી તો સમાજમાં સ્ત્ર માત્ર 'ભોગ્યા' જ બની રહે. એટલે જ કાયદા બનાવવા પડ્યા છે. પુરુષ માત્ર વ્યભિચારી હોય છે- તનથી નહીં તો છેવટે મનથી. છીંડે ચડી જાય છે કોઈ આસારામ, કોઈ તિવારી કે કોઈ તેજપાલ. અને પછી પેલી કરુણ કથા સરજાય છે, જેનો આપણી પાસે કે ન્યાયતંત્ર પાસે કોઈ જ ઉપાય નથી. તરુણ તેજપાલ માટે બે આંસુ સારવા સિવાય એમના શુભેચ્છકો વધુ કંઈ જ કરી શકે એમ નથી, કારણ કે એ સામે ચાલીને લિફ્ટમાં ફસાઈ ગયા છે.

# ગાંધીનગર ખાતે મહિલા આઈટી આઈના નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરાયું

## ગાંધીનગર ટાઉનહોલ ખાતે રોજગારી - એપ્રેન્ટીસશીપ પત્રો એનાયત કરવાનો સમારંભ યોજાયો

ગાંધીનગર, તા. ૨૫

શ્રમ-રોજગાર વિભાગ દ્વારા આજરોજ રોજગારી પત્રો, એપ્રેન્ટીસ શીપ પત્રો એનાયત કરવાનો તેમજ ઔદ્યોગિક તાલીમ સંસ્થા (મહિલા)



ગાંધીનગર નવનિર્મિત મકાનના લોકાર્પણનો સમારંભ આજરોજ નાણાં મંત્રી શ્રી નિતીનભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને ગાંધીનગર ટાઉનહોલ ખાતે યોજાયો હતો. આ પ્રસંગે શ્રમ અને રોજગાર મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ, ગૃહ રાજય મંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલ અને સાંસદ શ્રીમતી જયશ્રી પટેલ પણ ઉપસ્થિત રહયાં હતાં.

આ પ્રસંગે નાણાં મંત્રી શ્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે, શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા રાજયના યુવાનોને રોજગારી અપાવવાનું મહત્વનું કામ કરવામાં આવી રહ્યું છે. ગ્રામ્ય કક્ષાના યુવાનને પણ તેના ગામથી નજીકના વિસ્તારમાં રોજગારી મળી રહે તે માટે રાજય સરકાર દ્વારા ઉદ્યોગ-ધંધાઓનો વિકાસ રાજયના તમામ વિસ્તારમાં સુચારું રીતે કરવામાં આવી રહ્યો છે. યુવાધનના આર્દશ સમા સ્વામી વિવેકાનંદની ૧૫૦મી જન્મ જયંતિએથી રાજયમાં સ્વામી વિવેકાનંદ રોજગાર સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે. જેના થકી આજે ગુજરાતના અનેક યુવાનોને રોજગારી મળી છે.

શ્રમ અને રોજગાર મંત્રી શ્રી સૌરભભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત રાજયના મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે દેશ-વિશ્વમાં નામના મેળવી છે. ગુજરાતમાં ઉદ્યોગ-ધંધાને આકર્ષવા માટે યોગ્ય નિતીઓ ઘડવામાં આવી છે. તેની સાથે તેમને જરૂરી હોય તેવું સ્કીલ મેન પાવર પુરો પાડવામાં આવી રહ્યો છે. જેથી ગુજરાતના યુવાનોને ઘર આંગણે રોજગારીની વિપુલ તકો ઉભી થઈ રહી છે. જીડીપી ૨૭ ટકાથી ૩૫ ટકા લઈ જઈશું તો રોજગારની અનેક તકો ઉભી થશે. શ્રમ રોજગાર વિભાગનું બજેટ આજે રૂપિયા ૪૩૦ કરોડ માંથી રૂપિયા ૮૩૦ કરોડ કરવામાં આવ્યું છે. તેમજ આઈટીઆઈઓમાં લેટેસ્ટ મશીનરી લાવવામાં આવી રહી છે, આ માટે જરૂર પડે તો ઉદ્યોગ જગતની પણ મદદ લેવામાં આવી રહી છે. તે ઉપરાંત રાજયમાં પીપીપીના કન્સેપ્ટથી મોર્ડન આઈ.ટી.આઈ શરૂ કરવામાં આવી છે. રાજય સરકાર દ્વારા આઈ.ટી.આઈના યુવાનોને ઉત્સાહ વધારવા એપ્રેન્ટીસશીપ કરનાર યુવાનોને ૧૫૦૦ રૂપિયાનું સ્ટાઈપેન્ડ આપવામાં આવી રહ્યું છે. છેલ્લા છ મહિનામાં એપ્રેન્ટીસશીપની જગ્યાઓમાં ૨૦ હજારનો વધારો કરવામાં આવ્યો છે. ગતૂ વર્ષ એક લાખ યુવાનોની ભરતી કરાવવામાં આવી હતી. ચાલુ વર્ષ નવેમ્બર સુધીમાં અઢી લાખથી વધુ યુવાનોની ભરતી કરાવવામાં આવી છે.

ગૃહ રાજય મંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિવિધ યોજનાઓના ઘનિષ્ઠ અમલીકરણ દ્વાર ગુજરાતનો સર્વાંગી વિકાસ થયો છે. રાજય સરકાર દ્વારા યુવાનોને રોજગારની દિશા અને રોજગાર મળે તેવું ઉમદા કામ કરવામાં આવી રહ્યું છે.

આ પ્રસંગે મહેસાણાના સાંસદ શ્રીમતી જયશ્રીબેન પટેલ, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલ, ગાંધીનગર (દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળના ચેરમેન શ્રી અશોકભાઈ ભાવસાર, ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, શ્રમ-રોજગાર કમિશનર શ્રી સોનલ મિશ્રા, ગાંધીનગર જિલ્લા કલેકટર શ્રી પી.સ્વરૂપ, ગાંધીનગર જિલ્લા વિકાસ અધિકારી શ્રી વિકટર મેકવાન સહિત અનેક મહાનુભાવો અને ઉમેદવારો મોટી સંખ્યામાં ઉપસથિત રહયાં હતાં.

## હરિની દૃષ્ટિ...



આજથી સ્વેટર, ટોપી, મફલર પહેરવાનું બંધ, વાંચ્યું નહીં, ગુજરાત ગવર્મેન્ટ ઠંડીથી મરી જનારના સગાને રૂપિયા બે લાખ આપવાના છે.

## સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી ખાતે આવતીકાલે પ્રથમ વાર્ષિક ખેલકૂદ રમતોત્સવ -૧ ૩નું આયોજન

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગરની સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી દ્વારા તા. ૨૭મી નવેમ્બરના રોજ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયાના સે-૧૫માં આવેલ સ્પોર્ટસ કોમ્પ્લેક્ષ ખાતે સવારે ૮.૩૦ કલાકે પ્રથમ વાર્ષિક ખેલકૂદ મહોત્સવ વર્ષ ૨૦૧૩નું આયોજન કરાયું છે. ગુજરાત રાજયની શારિરીક શિક્ષણને લગતી વિવિધ કોલેજોના મહિલા અને પુરુષ રમતવીરો કુલ ૧૪ રમતોમાં ભાગ લેશે.

આ સ્પર્ધામા દોડમાં ૧૦૦, ૨૦૦, ૪૦૦, ૮૦૦ અને ૧૫૦૦ મીટરની દોડ તેમજ ૧૦૦ અને ૪૦૦ મીટરની વિધ્ન દોડ, બ્રોડ જમ્પ, ટ્રીપલ જમ્પ, ડિસ્કસ થ્રો, જવેલીન થ્રો, શો પુટ, હાઈ જમ્પ, ૪x૧૦૦ મીટર રીલે દોડ અને ૪x૪૦૦ મીટર રીલે દોડનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ સ્પર્ધાને પ્રોત્સાહિત કરવા માટે જળસંપત્તિ (કલ્પસર સિવાય) શિક્ષણ (પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ), રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના રાજય કક્ષાના મંત્રી નાનુભાઈ વાનાણી, રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગના સચિવ ભાગ્યેશ જહા, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિ.ના ડાયરેકટર એમ. શ્યામ સુંદર ઉપસ્થિત રહેનાર છે. રમતવીરોના કૌવતને માણવા શૈક્ષણિક સંસ્થાઓના વિદ્યાર્થીઓ તથા રમતપ્રેમીઓને આમંત્રણ આપવામાં આવ્યું છે.

# કોપ સીએસઆર એવોર્ડ સમારંભ યોજાયો

અમદાવાદ, તા. ૨૫

ઓલીવ બીઝનેસ સોલ્યુશન દ્વારા તા. ૨૩મી નવેમ્બરે કોપ સીએસઆર એવોર્ડસ ૨૦૧૩ની આઠ શ્રેણીના વિજેતાઓની જાહેરાત કરવામાં આવી હતી. જેમાં વિવિધ શ્રેણીમાં વિવિધ ઔદ્યોગિક ગૃહોને વિજેતા જાહેર કરાયા હતા. એવોર્ડસ માટેની વિવિધ શ્રેણીઓમાં શિક્ષણ ક્ષેત્રે સુધાર, તકનીકી નવા પ્રયોગ, કોર્પોરેટ પ્રદાન, સામાજિક જવાબદાર રોકાણ, મજદૂર સંબંધ, પોષણ, કળા, સંસ્કૃતિ અને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

આ એવોર્ડ સમારંભ તા. ૨૩મી નવેમ્બરે અમદાવાદની નારાયણી હોટેલ ખાતે યોજાયો હતો. આ એવોર્ડમાં સમારોહના મુખ્ય અતિથી વિશેષ તરીકે અનુસૂચિત જાતી કલ્યાણ બોર્ડના ચેરમેન જયંતિભાઈ બારોટ ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત અતિથિવિશેષમાં ઈન્ડીયા સિએસારના સંપાદક રુશેનકુમાર પણ હાજર રહ્યા હતા. એવોર્ડ માટે આવેલી ૫૦ એન્ટ્રીઓમાંથી વિજેતા કંપનીઓ તેમજ લોકોની પસંદગી તેમને ઉપસ્થિત મહેમાનોના હસ્તે એવોર્ડ આપવામાં આવ્યા હતા. શિક્ષણ સુધાર ક્ષેત્રે ઉદ્ગમ સ્કૂલને, તકનીકી નવા પ્રયોગ માટે ઈવોસીસને, સામાજિક વિકાસ એવોર્ડ રત્નમણી ટેકનો કાસ્ટ લી.ને, ઔદ્યોગિક પ્રદાન માટે રોકેટ રિધ્ધી સિધ્ધી, સામાજીક જવાબદાર રોકાણ માટે ગૃહ ફાઈનાન્સને એવોર્ડ અપાયા હતા. આ ઉપરાંત મજદૂર સંબંધો



માટે સાવી ઈન્ફ્રાસ્ટ્રક્ટર, પોષણ ક્ષેત્રે હેવમોર આઈસ્ક્રીમ અને સ્નેકસ, કળા અને સંસ્કૃતિ ક્ષેત્રે સ્વરવિણાં ફાઉન્ડેશન, ઈનોવેટીવ રૂરલ એજ્યુકેશન માટે માં ફાઉન્ડેશન, પોવર્ટી એલિવેશન માટે યુનાઈટેડ ફોસ્ફરસ અને લાઈફટાઈમ એચીવમેન્ટ એવોર્ડ માટે વાઘબકરી ચા ને પસંદ કરવામાં આવ્યા હતા. મંત્રી જયંતિભાઈએ વિજેતાઓને અભિનંદન આપતા ગુજરાતમાં ઉદ્યોગ સમૂહો દ્વારા અદા કરવામાં આવતી સામાજિક જવાબદારીને બિરદાવી હતી.

આ સમગ્ર કાર્યક્રમ કોપ સીએસઆરના નેજા હેઠળ આયોજિત કરવામાં આવ્યો હતો. જેના આયોજક ઓલીવ બીઝનેસ સોલ્યુશનના સીઈઓ મેહતાબ આરિફે પણ ગુજરાતમાં થઈ રહેલી સામાજિક જવાબદારીની પહેલને બિરદાવતા આ ક્ષેત્રે વધુ સારી કામગીરી કરવા પર ભાર મૂક્યો હતો. આ એવોર્ડનો ઉદ્દેશ કંપની સંભવિત જોખમોને સંભાળવા એક માર્ગ પસંદ કરી પોતાના બીઝનેસની સકારાત્મક ઈમેજ ઉભી કરી સામાજિક ક્ષેત્રે પરિવર્તન લાવી શકે તે માટેનો હતો. યુવા અનસ્ટોપેબલ દ્વારા વિવિધ તબક્કાના પરીક્ષણ બાદ એક જ્યુરીની પેનલ દ્વારા દરેક કંપનીની પ્રોફાઈલ ચકાસ્યા બાદ આ વિજેતાઓની પસંદગી કરાઈ હતી.

# વિવાદ = વાદ + વિખવાદ + અર્થવાદ

## રઝળપાટ

- અજય ઉપાધ્યાય

**ગામના દરેક ઘર માં હાથ નાખો તો સહેજે ૫ - ૧૦ બંદુકો ..... વારે વારે ને જાહેર માં થતા ધાણીફૂટ ગોળીબાર ...એક બે નહિ પણ ટોળાબંધ લોકો નો ખુલ્લે આમ આતંક ... વિદેશી કલ્ચર ને પણ સારું કહેવડાવે એવી અશ્લીલતા .... લગભગ અર્ધખુલ્લા કપડા અને સાવ ખુલ્લા વર્તન વાળા નાયક અને નાયિકા ,,ને આ બધુય પાછું સદીઓ પહેલા ના સમય નું નહિ પણ ટ્વીટર ના જમાના વાળું ....અને આમાં પાછો વધાર વર્ષો થી હળીભળી ને રહેતી બે કોમો વચ્ચેની કલ્પિત દુશ્મનાવટ નો . આ ગુજરાત છે? આ છે ગુજરાતી કલ્ચર? શું આવી છે ફિલ્મ માં બતાવાયેલી બે કોમો ના લોકોની ચાલ ચલગત ? ને જો આનો જવાબ હા હોય અને અને જો આ જ ગુજરાત હોય તો પછી તાત્કાલિક અસરથી કુછ દિન તો ગુજારીએ ગુજરાત વાળી જાહેરાતો બંધ કરી દેવી પડે . વાત છે સંજય લીલા ભણશાળી એ આદરેલી ગોલીયો કી રાસલીલા - રામલીલા ની.**

**આપણે અહી ફિલ્મ સફળ છે ...દિગ્દર્શન સરસ છે ....સેટ્સ સારા છે ....સંગીત જોરદાર છે એવા ફિલ્મી ટોપિક ની વાત નથી કરવી અને કેટલા ને ફિલ્મ ગમી કે કેટલા ને નાં ગમી એની વાત પણ નથી કરવી કેમકે ફિલ્મ ગમવી ના ગમવી એ સંપૂર્ણ વ્યક્તિગત વાત છે અને ફિલ્મ જોઇને થીયેટર માં થી નીકળતા દરેક દર્શકની પોતપોતાની અલગ અલગ રાય હોય શકે છે પણ આપણે આજે વાત કરવી છે સર્જકતા ના નામે છલકાતી હલકી માનસિકતાની.**

**લોકશાહીની સાથે સાથે આપણને અભિવ્યક્તિની સ્વતંત્રતા નામનું બગલ બચ્ચું પણ ફ્રી માં મળેલ છે અને એને આપણે આપણા મનઘડત અર્થ સાથે વાપરતા રહીએ છીએ . કળા ના નામે ઈતિહાસ સાથે સાથે આપણે લોકોની લાગણીઓ સાથે પણ ખિલવાડ કરવાની માનસિકતા નો વારે વારે ભોગ બનતા જઈએ છીએ . માન્યું કે સર્જકો ને પોતાની રીતે વાત રજુ કરવાનો હક્ક છે પણ એનો અર્થ એવો તો નથી જ ને કે તમે કોઈ કોમ , વ્યક્તિ કે -ાંત વિષે મનઘડત વાત રજુ કરી શકો અને અમસ્તુંય અભિવ્યક્તિ ના સ્વાતંત્ર્ય માં એનો નિષેધ છે જ . તો પછી કેમ આમ ? કોઈ બહાર નો સર્જક ગુજરાત કે ગુજરાતની આ બે કોમ (કે જેના સાર્વત્રિક અને સખત વિરોધ પછી નામ બદલાવ્યા છે) વિષે કઈ લખે કે સર્જે એ કદાચ ગેરસમજ ગણી ને એકવાર લેટ ગો પણ કરી શકાય પણ મૂળ ગુજરાતી સંજય આ વાત ના જાણતો હોય એ બાત કુછ હજમ નહિ હુઈ . તો પછી વ્હાય ? જવાબ છે વિવાદ નું વાવેતર કરો અને પૈસાનો પાક લણો .**

**સંજય ઉત્કૃષ્ટ દિગ્દર્શક છે એની નાં નહિ અને એને અનેક સારી ફિલ્મો બનાવી છે પણ એકાદ બે ને બાદ કરતા બાકીની ફિલ્મો એ પાવલું પાણી પણ નહોતું માગ્યું બોક્ષ ઓફીસ પર . કળાની દ્રષ્ટીએ એ ફિલ્મો શિરમોર હતી પણ આર્થિક રીતે સાવ તળિયે . તો ફિલ્મ ને હિટ કરવા ને રૂપિયા ના ઢગલા કરવા શું કરવું ? સિમ્પલ ... લોકો ની લાગણીઓ સાથે રમો, એને ઉશ્કેરો , એને દુભાવો ... જાણી જોઈને વિવાદો ઉભા કરો ..મફત ની પબ્લીસીટી મળશે ને વધુ ને વધુ લોકો જોવા આવશે . અને એક્જેટલી રામલીલા માં એણે એ જ કર્યુ .**

**રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીની રચના મોર બની થનગાટ કરે ને પોતાને નામે ચડાવી દેવાની ગુસ્તાખીથી આ સર્જકે વિવાદો નું એકાઉન્ટ ઓપન કરેલું . સ્વ. મેઘાણી અને એમની રચનાઓ ને ગુજરાત નો એકએક સાહિત્યપ્રેમી જાણતો જ હોય ત્યારે સંજયભાઈ પણ સુપેરે જાણતા જ હોય કે આનો વિવાદ થશે જ અને થયો પણ . સાહિત્યપ્રેમીઓ ના જોરદાર વિરોધ પછી પડદા પર આ ગીતની ક્રેડીટ મેઘાણી ને આપવામાં આવી . મોર બની થનગાટ કરે થી શરુ થયેલા રામલીલા ના વિવાદો માં રોજ રોજ નવા નવા વિવાદો જોડતા ગયા પણ વિવાદોની પરાકાષ્ટા આવી રબારી અને જાડેજા કોમની કલ્પિત દુશ્મનાવટ વાળી વાત પર. અને એમાં પણ ફિલ્મ માં રાજપુતાની બતાવતી દીપિકા ના પાત્રાલેખન , સંવાદો , પહેરવેશ અને જીવનશૈલી ના અવાસ્તવિક અને રાજપૂત સ્ત્રીઓ ના વર્તન થી વિરુદ્ધ વર્તન બતાવ્યા ના પરાક્રમ થી . પોતાની આન , બાન અને શાન માટે પ્રખ્યાત અને શૂરવીરતા માટે જાણીતી આ કોમની સ્ત્રીઓનું આવું ખરાબ ચિત્રણ સ્વાભાવિક રીતે રાજપૂત સહીત અન્ય કોમના લોકો ને પણ નાં ગમ્યું . અને એ બધું પણ ફિલ્મ માં બતાવવાનું હતું અસલ ઓળખાણ સાથે અને સ્થળો ના અસલ નામ સાથે. સ્વાભાવિકપણે આ તો એક પ્રકાર નો માપદંડ થઇ ગયો ગણાય . ઈતિહાસ માં આલેખાયેલા તથ્યો સાથે સર્જકતા ના નામે છેડછાડ જ તો . હદ છે ને સર્જકતા ના નામે લેવાતી છૂટછાટો ની. સ્વાભાવિક પણે સર્જકનીઆ સોચી સમજી સાજીશ જ હતી - વિવાદો પેદા કરવાની . નો ડાઉટ અનેક હિન્દી ફિલ્મો માં રજપૂતો કે અન્ય જ્ઞાતિના લોકો ને નામ જોગ બતાવાયેલા છે પણ સ્ત્રીઓ વિષે નું આટલું ખોટું અને કલ્પિત ચિત્રણ કદાચ આજ સુધી કોઈએ નથી કર્યુ. વિરોધ શરુ થયો અને વકરતો ગયો . સોશિયલ મીડિયા પર આની સૌથી વધુ ચર્ચાઓ ચાલી . પ્રશાશનો અને સંજય ભણશાળી ને કાને આ અવાસ્તવિક ચિત્રણ નો વિરોધ નોંધાવાયો , અમુક દિવસો પછી અને કોર્ટની ફટકાર પછી ફિલ્મ માં નામો ને બદલવામાં આવ્યા પણ બાકી બધું એમ જ રહ્યું . સરવાળે ફિલ્મ માં ખરાબ અને અવાસ્તવિક રીતે હિંસક ચીતરેલી કોમોની લાગણી સાથે રમત રમીને રામલીલા ને ફોગટની પબ્લીસીટી મળતી ગઈ. નામો બદલાયા ... માફીઓ મંગાઈ પણ ત્યાં સુધી માં વિવાદો નું વાવેતર કરેલું તેના પર પૈસા નો પાક આવતો થઈ ગયો હતો . સર્જકતા ના નામ પર લીધેલી છૂટછાટ ના આંબા પર ખણખણીયાની કેરીઓ ઝૂલવા માંડેલી અને એ પણ અભિવ્યક્તિ અને કળાની સ્વતન્ત્રતા ના નામે.**

**શેકસપિયર ના જે મશહુર નાટક " રોમિયો અને જુલિયેટ ને આધાર લઇ ને રામલીલા બની છે એના પર થી અગાઉ પણ અનેક ફિલ્મો બની ગયેલી છે. દુશ્મનાવટ ધરાવતા બે કબીલા ઓ ના બે યુવાન પ્રેમીઓ ના પ્રેમ ના કરુણ અંત કહેતી શેકસપીયર ના આદભૂત નાટક પરથી જ વિશાલ ભારદ્વાજે પંકજ કપૂર અને ઈરફાનખાન ના ક્લાસિક અભિનય વાળી" મકબુલ" બનાવેલી . આ જ રોમિયો અને જુલિયેટ ને મન્સુર ખાને કયામત સે કયામત" માં રાજ અને રશ્મી બનાવી દીધેલા તો બહુ દુર નાં જઈએ તો અર્જુનકપૂરની પહેલી ફિલ્મ " ઈશ્કઝાદે" કે હજુ હમણાં જ આવી ને ગયેલી ઇશ્ક પણ વિલિયમભાઈ ના નાટક ને આધાર લઇ ને જ બનાવેલી અને લગભગ ઉપરની બધી જ ફિલ્મ કોઈ પણ પ્રકાર ના વિવાદ ને જન્મ આપ્યા વગર કે કોઈ કોમ ને નિશાન બનાવ્યા વગર કે હલકી ચીતર્યા વગર પણ પોતાની રીતે દર્શકો ને રીઝવવામાં વધતે ઓછે અંશે સફળ થઇ હતી .**

**અગેઈન સર્જકતા ના નામે કાલ્પનિક અને સમાજ માટે જોખમી થઇ શકે એવી નુક્તેચીની કરવાની આ વાત સાથે સહમત ના થનાર ને એટલું જ પૂછવાનું કે વિરોધો ના વંટોળ ઉઠ્યા પછી નામ માં બદલાવ ને માફીનામાં લખવાની અક્કલ આવી તો શું એને ખબર નહોતી રાજપૂત સ્ત્રીઓની માન મર્યાદા વિષે? શું એને ખબર નહોતી કે રબારી અને રજપૂતો વચ્ચે એકાદ અપવાદ (ને એ પણ કદાચ સદીઓ પહેલા) ને બાદ કરતા ક્યારેય દુશ્મનાવટ હતી જ નહિ . શું એને ખબર નહોતી કે ગુજરાત ના જે શહેરની એ વાત કરવા જઈ રહ્યો છે એ આવું છે જ નહિ . જવાબ છે ...ખબર હતી જ . તો પછી જાણી જોઈ ને કળા ના નામે આવા ખોટા ચિતરામણ નો અર્થ શું ? જવાબ આગળ કહ્યો એ જ ...વિવાદ વાવો પૈસા લણો. રામલીલા ના સર્જકો કાઈ નવા નિશાળિયા તો છે જ નહિ કે એમને આનો કેટલો ગંભીર પ્રત્યાઘાત આવશે એની ખબર નાં હોય ? અગેઈન તરફેણકારો દલીલ કરશે કે આ તો ફિલ્મ છે આને ફિલ્મની રીતે જ જોવી જોઈએ . એગ્રી ફિલ્મ જ છે પણ આ લોકો એ નાં ભૂલવું જોઈએ કે ફિલ્મો નો આપણા સમાજ પર પ્રભાવ છે જ અને સાર્વત્રિક છે . સુધરેલા ફિલ્મ દર્શકો કરતા અર્ધશિક્ષિત અને અભણ દર્શકો ની સંખ્યા વધુ છે અને મોટાભાગ ના રૂપેરી પડદે દેખાડાતી કથા સાથે પોતાને જોડે છે . ફિલ્મો ની માનસિક અસરો વધુ હોય છે . આજે જયારે હજુ પણ કોમવાદ નો એરુ આપણા સમાજ માં થોડેઘણે અંશે ફેણ મારતો રહેતો હોય છે એવા સમયે કોઈ બે કોમ વિષેની કાલ્પનિક વાત વાસ્તવિક રીતે રજુ કરવો એ સમાજ વિગ્રહ થી કમ તો નથી જ. સર્જક નું કામ સમાજ ને આયનો બતાવવાનું છે નહિ કે કલ્પિત કથા ઓ થી સમાજ માં ફાટફૂટ પાડવાનું . અને જો સર્જકતા ના નામે , અભિવ્યક્તિ ના નામે આવું બતાવવું જ હોય તો કથાઓ , પાત્રો કે અન્ય વસ્તુ ઓ વિશેના સાચા નામો રાખવાથી બચવું જોઈએ. ખાલી ગોલીયો કી રાસલીલા : એટલું જ નામ પણ રાખી શકાયું હોત અને ફિલ્મ માં વારે વારે ચાલતી ગોળીઓને લીધે એ નામ વધુ યોગ્ય પણ રહેત રામલીલા એવું છોગું ઉમેરવાની ક્યાં જરૂર જ હતી ? એમાં પણ કોર્ટ ના ફટકાર સુધી તો તંગડી ઉચી જ રાખેલી જો કે પાછળ થી શબ્દોની હેરાફેરી કરી ને નાનો ફેરફાર કરવો પડ્યો.**

**ઓ.કે. અહી સુધી વાચ્યા પછી જો એમ લાગે કે ઉપરનું બધું જ રામલીલા વિરોધી છે કે બહુ જ પછાત વિચારસરણી વાળું છે તો એવું હરગીઝ નથી પણ હા આ એક લાલબત્તી ખરી. ફિલ્મો છે અને એની અસરો નથી એવી દલીલો કરનારાઓ માટે" એક દુઝે કે લિયે " ના દાખલા મોજુદ છે જ . અને અહી રામલીલાની ચર્ચા તો એક બહાનું છે મૂળ વાત છે સર્જકતા ને કેટલી છૂટછાટ હોય શકે ? શું આવી છૂટછાટો લેનાર સર્જકો એમણે લીધેલી છૂટછાટો કે સર્જેલા કાલ્પનિક પાત્રો કે વાર્તા ઓ ને બદલે પોતાને ખુદ ને રજુ કરી શકવાની હિમ્મત કરી શકશે ? શું સંજયની આવનારી ફિલ્મ માં ભણશાળી કોમની કોઈ દીકરી કે સ્ત્રી ને આવી રીતે બતાવી શકશે કે ભણશાળી કોમ ને બીજી કોઈ કોમ સાથે દુશ્મન ચીતરી શકશે ? મોટા ભાગે જવાબ નાં જ આવશે . સર્જકતા કે સર્જનાત્મક છૂટછાટ નો અર્થ એ નથી કે સમાજ માં વિગ્રહ થાય કે સમાજ નું ખોટું ચિત્ર રજુ થાય એવી રીતે વાત કહેવી .એટલું તો ખરું જ કે કોઈ કોમ કે સ્થળ કે ઐતિહાસિક હકીકતો સાથે સર્જકતા ના નામે ચેડા કરનાર પર ચાપતી નજર રાખવાનો સમય આવી તો ગયો જ છે . દલીલો તો અનેક થઇ શકે અને સમાજ આવી બધી વાતો માં પરંપરાગત મુલ્યો ધરાવે છે જ અને ધરાવતો રહેશે જ કારણ કે કોઈ પણ વર્ણ કે જ્ઞાતિ માટે એ એક ઓળખ છે - પહેચાન છે અને એમાં કરાતો કાલ્પનિક ફેરફાર કે ખોટું ચિત્રણ માફી ને પાત્ર નાં જ હોય શકે .**

**ફરીથી ફિલ્મ ની સફળતા કે નિષ્ફળતા ની અહી વાત છે જ નહિ. ૧૦૦ કરોડ કમાઈ કે ૫૦૦ કરોડ એવું કોઈ અર્થશાસ્ત્ર પણ નથી પણ અંગુલીનીર્દેશ છે સર્જકતા ના નામે થયેલી અને થતી રહેલી હલકી માનસિકતાની અને એમાં પણ વાત છે આપણા ગુજરાત અને ગરવા ગુજરાતીઓની તો સ્વાભાવિક વધુ ચચરે અને ચચરવું પણ જોઈએ. (ફિલ્મ માં ગુજરાત તરીકે બતાવાયેલ ઘણા બધા દ્રશ્યો ઉદેપુર ને જેશલમેર માં શૂટ થયા છે - આ તો એક આડ વાત) જો કે રજૂઆત વખતે અને એ પહેલા દેશ ના વિવિધ ભાગો માં થયેલા વિરોધો એ વાત નું પ્રમાણ છે કે આપણા ગુજરાત માં થયેલા વિરોધો બિલકુલ સાચા જ હતા.**

**ફિલ્મ હીટ છે જોવા જેવું છે કે જોરદાર છે એ બાજુ પર રાખી ને વધુ શાબાશી એ લોકો ને છે જેમણે અભિવ્યક્તિની ઓથ નીચે સર્જકતા ના નામે લોકોની લાગણીનું હેરેસમેન્ટ કરવાની ચાલ ને ખુલ્લી પાડી અને એ લાંબા ગાળે ફાયદાકારક પણ છે જ કારણ કે બની શકે કે આજે જે લોકો આવી બૌદ્ધિક બદમાશીની તરફદારી કરે છે એમની પણ લાગણીઓ સર્જકતાના નામે કાલ સવારે દુભાઈ શકે છે.**

**હું નોઝ ...સબ રામ કી લીલા હૈ !!!!**

***વિસામો :***

***રામલીલા ના ઈમોશનલ હેરેસમેન્ટ પછી હવે ચાલુ છે શાબ્દિક અને સેક્ષ્યુલ હેરેસમેન્ટ !!!! ( કર્ટસી લેટેસ્ટ ફોન ટેપિંગ કાંડ અને તરુણ તેજપાલ)***

- akurjt@gmaii.com